**DATE: 02/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 01**

### રેશનના ઘઉં અને ચોખા બારોબાર સગેવગે કરી દેવાનું કૌભાંડ ઝડપાયું

# ઓચ્છણમાં દુકાન સંચાલકે અનાજ ભરેલું ટ્રેક્ટર ખેતરમાં સંતાડી દીધું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકાના ઓચ્છણ ગામે સરકારી ઘઉં અને ચોખાનો ગેરકાયદેસર નિકાલ થતો હોવાની આમોદ પોલીસને બાતમી મળી હતી. જેના આધારે પોલીસને ઓચ્છણ ગામની ભાગોળે લાલ કલરનું ટ્રેક્ટર સાથેની ટ્રોલી તપાસ કરતાં તેમાં ચોખા થેલી નંગ- 28 તથા ઘઉં થેલી નંગ-19 આમ કુલ થેલી નંગ- 47 જે અનાજનો સામાન હતો. અનાજના માલિક ભુપેન્દ્ર પટેલ જે કેશવ પાર્ક કરજણ તાલુકા વડોદરા જિલ્લાનાઓ એ જણાવેલ જેથી સદર માલિકને બોલાવતા તેઓને અનાજનો સામાન ક્યાંથી લાવેલ છે. અને ક્યાં લઈ જવાનો છે. જે બાબતે પુછપરછ કરતા ગલ્લા તલ્લા કરી ઉડાવ જવાબ આપી કોઈ સંતોષકારક જવાબ આપ્યો નહોતો. તેમજ અનાજનું કોઈ બિલ કે આધાર પુરાવો નહોતો.જેથી પોલીસે આમોદ પુરવઠા વિભાગને જાણ કરતા નાયબ પુરવઠા મામલતદાર કિંજલ પરમારે આમોદ પોલીસ ઈન્સ્પેકટર રાજુ કરમટીયા ની હાજરીમાં સરકારી ગોડાઉન ઉપર ગેરકાયદેસર પકડાયેલા અનાજના જથ્થાનું વજન કર્યુ હતું. જેમાં ચોખા તથા ઘઉં કુલ થેલી નંગ-47 જેનુ કુલ વજન 2352 કિ.ગ્રા થયુ હતું. જે એક કિલોનાં કિ.રૂ.30 લેખે કુલ કિ.રૂ.70,560 અનાજ સરકારી ગોડાઉનમાં સીઝ કર્યું હતું. તેમજ આમોદ પોલીસે ટ્રેક્ટર તથા ટ્રોલીની આશરે કિ.રૂ.5 લાખ ગણી કુલ.રૂ.5.70 મુદ્દામાલ વધુ તપાસ અર્થે જપ્ત કરવામાં આવ્યો હતો. અનાજની હેરાફેરી કરનાર બન્ને ઈસમો ઈશ્વર શના રાઠોડ અને દુકાન સંચાલક ભૂપેન્દ્ર ભગુ પટેલ ની અટક કરી હતી.

**DATE: 02/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### શાંતિ સમિતિની બેઠકમાં વિવિધ મુદ્દે બંને સમાજના આગેવાનો સાથે ચર્ચા

# અંકલેશ્વરમાં ખોટા મેસેજ વાયરલ કરનાર સામે પોલીસ પગલાં ભરશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



આગામી તહેવારોના દિવસોમાં અંક્લેશ્વર શહેરમાં કાયદો અને વ્યસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે શહેર પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી હતી. આગામી દિવસોમાં હીંદુ સમાજની રથયાત્રા અને મુસ્લિમ સમાજની ઈદ આવી રહી છે. પીઆઈ પી.જી.ચાવડાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આગામી દિવસોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ક્યાં પગલાં ભરવા જોઈએ તે માટે બંને સમાજના આગેવાનો પાસેથી મંતવ્યો જાણવામાં આવ્યાં હતાં. ખાસકરીને કોઈ પણ અનિચ્છનીય ઘટના કે સોશિયલ મીડિયામાં ખોટા મેસેજ વાયરલ કરતા પહેલા તેની ખરાઈ કરવા સૂચના આપવામાં આવી હતી. આવા ખોટા મેસેજ વાયરલ કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. બેઠકમાં પાલિકા પ્રમુખ લલિતા રાજપુરોહિત, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા, મુસ્લિમ સમાજના વસીમ ફડવાલા સહિતના આગેવાનો હાજર રહયાં હતાં.

**DATE: 03/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

# ઢુંઢા ગામે 2.57 લાખના દારૂ સાથે બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ એલસીબીની ટીમને ઢુંઢા ગામે ટેકરા ફળીયા ખાતે રહેતો નંદો વસાવાએ ઘરની પાછળના ભાગે વિદેશી દારૂ સંતાડયો હોવાની બાતમી મળી હતી. દરોડો પાડતાં દારૂ તથા બિયરની 956 બોટલ મળી આવી હતી. સ્થળ પરથી બુટલેગરને 2.57 લાખના દારૂ સાથે ઝડપી લેવાયો હતો. કુલ 3.88 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. દારૂનો જથ્થો આપનારા નાના પાટણાના રણજીત વસાવા અને ચિત્રોલના દિનેશ વસાવાને ફરાર જાહેર કરવામાં આવ્યાં છે.

**DATE: 03/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 07**

### કાપોદ્રા પાટિયા પાસેની સોસાયટીમાં

# પ્રેમસંબંધની અદાવતે યુવતીના ઘરે ધમાલ કરનાર ૩ની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર કાપોદ્રા પાટીયા પાસેની સોસાયટીમાં યુવતી સાથેના પ્રેમ સંબંધની રીસ રાખીને ચાર ઈસમોએ ધમાલ મચાવી યુવતીના પરિવારને મારમારીને ધાકધમકી આપતાં પોલીસે ત્રણની ધરપકડ કરીને અન્ય એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

અંકલેશ્વર કાપોદ્રા પાટીયા નજીક આવેલી સોસાયટીમાં રહેતા એક પરિવારના ઘરે ચાર જેટલા તોફાની તત્વોએ રીતસરની ગુંડાગીરી કરી હતી.એમાં બન્યું કંઈક એવું હતું કે યુવતી સાથેના પ્રેમસંબંધની રીસ રાખીને ચાર ઈસમો ઓડી કારમાં સવાર થઈને મધ્યરાત્રિ બાદ યુવતીના ઘરે પહોંચી ગયા હતા. અને યુવતીના ભાઈને માર મારી યુવતીને બાથરૂમાંથી ખેંચી લાવીને માર મારી ધમકી આપી હતી. યુવતીના ભાઈએ જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રામ મિશ્રા,અભય મિશ્રા અને સુફિયાનની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 03/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### હિન્દુ-મુસ્લિમ આગેવાનોની હાજરીમાં ચર્ચા

# ભરૂચમાં બકરી ઈદ પહેલા શાંતિ સમિતિની બેઠક યોજાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર અને જિલ્લામાં 7મી જૂને મનાવવામાં આવનાર બકરી ઈદના તહેવારને લઈને એ-ડિવિઝન પોલીસ મથકે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. પીઆઈ આર.એમ. વસાવાની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં તહેવારની શાંતિપૂર્ણ ઉજવણી માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, શહેરમાં અત્યાર સુધી તમામ ધાર્મિક તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવાયા છે. બકરી ઈદની ઉજવણી પણ એવી જ રીતે થાય તે માટે બંને સમાજના પ્રતિનિધિઓને સહયોગની અપીલ કરવામાં આવી હતી. બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ સમુદાયના આગેવાનો તેમજ શાંતિ સમિતિના સભ્યોએ હાજરી આપી. તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર તહેવાર કોમી એકતા અને સદભાવનાના માહોલમાં ઉજવાય તે માટે સૌએ સહમતિ દર્શાવી હતી.

**DATE: 03/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 09**

### વર્ષ ૨૦૧૯માં તડીપાર કરાયો હતો

# દહેજના કુખ્યાત આરોપીને પાસામાં રાજકોટ જેલમાં મોકલાયો

ભરૂચ : ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડા દ્વારા જિલ્લાના અસામાજીક તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની સુચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે દહેજ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.બી.ઝાલાએ દહેજના ટાવર ફળીયામાં રહેતા રાહુલ સુરેશ રાઠોડ સામે પાસાની ફાઈલ તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટમાં દરખાસ્ત મોકલી હતી. જેને મંજુરી મળતા તેને પાસામાં ૩૧ મી મે ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, રાહુલ વસાવા વિરૂધ્ધ ૨૦૧૯ પહેલા જુગાર, મારામારી સહિતના કુલ ૮ ગુના નોંધાયા હતા. જેના પગલે તેને ૨૦૧૯ માં ભરૂચ, નર્મદા, વડોદરા અને સુરત જિલ્લામાંથી તડીપાર કરવામાં આવતા તે અરવલ્લી ખાતે જતો રહ્યો હતો. જો કે બાદમાં તે પરત આવતા તેણે પુનઃ ગુનાહીત કૃત્યો શરૂ કરી દીધા હતા. ૨૦૨૩ થી અત્યાર સુધીમાં તેની સામે મારામારીના ૨ અને કંપનીઓમાંથી મોઘાદાટ કેમીકલ ચોરી કરવાના કારસાના ૪ કેસ નોંધાયા હતા. ગુનાહીત પ્રવૃત્તિ બંધ નહી કરતા તેની સામે દહેજ પોલીસે પાસાની કવાયત કરી હતી.

**DATE: 04/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### મહારાષ્ટ્રથી ઝડપાયેલા આરોપી સામે ગુજરાતમાં 10 ગુના દાખલ

# ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચના સકંજામાં 21 વર્ષથી ફરાર ઘરફોડ ચોરીનોઆરોપી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના જાલના જિલ્લાના પરતુર ખાતેથી લાંબા સમયથી ફરાર આરોપીની ધરપકડ કરી છે. આરોપી ધરમસિંગ ગુરુબચ્ચનસિંગ શીકલીગર વર્ષ 2004થી ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનની ઘરફોડ ચોરીના કેસમાં નાસતો ફરતો હતો. ભરૂચના પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચના મુજબ, એલસીબી ઈન્સ્પેક્ટર એમ.પી. વાળાની



આગેવાનીમાં વિશેષ ટીમો બનાવવામાં આવી હતી. પીએસઆઈ ડી.એ.તુવર અને તેમની ટીમને માનવ ગુપ્તચર અને ટેકનિકલ સર્વેલન્સ થી આરોપીની માહિતી મળી હતી. આરોપી ધરમસિંગ ઉર્ફે ત્રિલોકસિંગ ઉર્ફે ખેમચાયા ઉર્ફે ગજની સામે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કુલ 10 ગુના નોંધાયેલા છે. આ ગુના ભરૂચ તાલુકા, ધનસુરા, મણીનગર, ઈસનપુર અને રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છે. મોટાભાગના કેસ ઘરફોડ ચોરી અને ચોરીના છે. આરોપીએ 2004ના ભરૂચના ગુનાની કબૂલાત કરી છે. તેને આગળની કાર્યવાહી માટે ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

**DATE: 05/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 11**

# ઉટિયાદરા ગામના રૂા.૩ લાખનો દારૂ ઝડપાવાના ગુનામાં વધુ ૨ ની ધરપકડ

## ભાડાના મકાનમાં સંતાડેલો વિદેશી દારૂ ઝડપાયો હતો

**અંકલેશ્વર**

ગત તારીખ-૩જી મેના રોજ કોસંબાના બુટલેગર જીજ્ઞેશ કૌશિક પટેલ દ્વારા અંકલેશ્વર તાલુકાના ઉટિયાદરા ગામની શિલાખેલ સોસાયટીમાં ભાડેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે.જેવી બાતમીના આધારે ભરૂચ એલસીબીએ દરોડા પાડ્યા હતા. પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની ૧૬૬૪ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૩ લાખનો દારૂ અને ફોન તેમજ રોકડા મળી કુલ ૪.૦૬ લાખના મુદ્દામાલ સાથે જીજ્ઞેશ પટેલને ઝડપી પાડ્યો હતો. જ્યારે વિદેશી દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત ૧૦ ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા. તે દરમિયાન પોલીસે ૧૦ પૈકી અગાઉ ૩ આરોપીને ઝડપી પાડ્યા બાદ આ ગુનામાં સંડોવાયેલ ઝનોર ગામના સોનેરી ટેકરીમાં રહેતો શશીકાંત ઉર્ફે શશી કાંતિલાલ વસાવા અને રાકેશ ઉર્ફે ગફુર જીતુ જોશીને પોલીસે ઝડપી પાડ્યા હતા.

**DATE: 05/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE- 03**

### અંકલેશ્વર પોલીસે

# વિશ્વાસઘાતના કેસમાં ફરાર મહિલા આરોપીની દાહોદથી ધરપકડ કરી

અંકલેશ્વર,તા.૪

અંકલેશ્વર પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે વિશ્વાસઘાતના ગુનામાં નાસતી ફરતી મહિલા આરોપીની દાહોદથી ધરપકડ કરી હતી.અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ મથકમાં પાંચ વર્ષ અગાઉ નોંધાયેલ ગુનામાં તે ફરાર હતી.

અંકલેશ્વર પોલીસ આરોપીને શોધવા દાહોદ વિસ્તારમાં તપાસ અર્થે ગઈ હતી.આ દરમ્યાન પાંચ વર્ષ અગાઉ અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ વિશ્વાસઘાતના ગુનામાં વોન્ટેડ એવી મહિલા આરોપી લીલા ઉર્ફે મિન્દી સુરેશભાઇ દેહદા દાહોદના ગરબાડા વિસ્તારમાં રહેતી બાતમી મળતા તેને પકડી પાડી હતી.આરોપી છેલ્લા પાંચ વર્ષથી પોલીસથી ફરાર હતી.

પોલીસે બાતમીદારોની મદદથી આરોપી મહિલા લીલાને દેવધા ગામના નિશાળ ફળિયામાં તેના ઘરેથી ઝડપી પાડી હતી અને અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસને સોંપી દીધી હતી.

**DATE: 05/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 11**

# ભરૂચની મહિલા બૂટલેગરને વલસાડથી વિદેશી દારૂનો જથ્થો આપવા આવેલો ખેપિયો ઝબ્બે

| ભરૂચ |

ભરૂચ એ.ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, મારવાડી ટેકરા વિસ્તારમાં એક વૃદ્ધ લીમડાના ઝાડ નીચે બે બેગમાં વિદેશી દારૂ ભરીને બેઠો છે અને તેની હેરાફેરી કરવાની ફિરાકમાં છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડા પાડતા ત્યાં એક વૃદ્ધ પગ પાસે બે બેગ મુકીને ઉભેલો જણાતા ટીમે તેને રોકી પુછપરછ કરતા તેનું નામ ભાર્ગવ ચંદ્દુ સેવક ઉ.વ.૭૩ (રહે.દેસાઈ ફળીયુ, ઉમરસાડી, પારડી,જિ.વલસાડ) હોવાનું જણાવ્યુ હતુ. તેની પાસેની બેગોની તપાસ કરતા તેમા વિદેશી દારૂની ૧૧ હજારની મત્તાની કુલ ૧૧૦ બોટલો મળી આવી હતી. પોલીસે તેની પુછપરછ કરતા તેણે જણાવ્યુ હતુ કે, સુરત ખાતે રેલ્વે સ્ટેશન પર બિહારના ભૈયા વિદેશી દારૂ વેચે છે. તેઓ પાસેથી દારૂ ખરીદી કર્યો હતો. ભરૂચમાં મારવાડી ટેકરા વિસ્તારમાં રહેતી મહેરૂન્નીશા ઈમરાનશા દિવાને તેની પાસે વિદેશી દારૂ મંગાવતા તે ત્યાંથી દારૂ લઈને ભરૂચ તેને આપવા માટે આવ્યો હતો.

## પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

**DATE: 05/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### કલેક્ટર કચેરીના વિસ્તારમાં રોજ ચાર કલાક ટ્રાફિક પોલીસની તપાસ

# ભરૂચમાં બે દિ'ની હેલ્મેટ ડ્રાઈવમાં 294ને રૂ 1.12 લાખથી વધુનો દંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં ફરી હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. બે દિવસમાં 294 ને હેલ્મેટ વગર બાઈક ચલાવવા માટે રૂ 1.12 લાખથી વધુનો દંડ કરવામાં આવ્યો છે. અગાઉ પણ જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીની બહાર હેલ્મેટ ડ્રાઈવ પોલીસ વિભાગે હાથ ધરી હતી. ત્યાર બાદ ફરી ટ્રાફિક વિભાગે ત્રણ દિવસીય હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરી છે. જેમાં ભરૂચ કલેક્ટર કચેરી કોર્ટ સહિત નજીક તેમજ જિલ્લાના અલગ અલગ વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં હેલ્મેટ વગર બાઈક ચલાવતા લોકોને ઊભા રાખીને ઓનલાઈન, મોબાઈલ એપ તેમજ સ્થળ પર દંડ ફટકારવામાં આવી રહ્યો છે. આમ સવારે 10 થી 12 અને સાંજે 5 થી 7 વાગ્યા સુધી હેલ્મેટ ડ્રાઈવ કરવામાં આવી રહી છે. જેમાં 2 જૂને 156 ને 57,500 નો જ્યારે 3 જૂને 138ને 55 હજાર દંડ ફટકારવામાં આવ્યો હતો. આમ બે દિવસમાં કુલ 294 ને હેલ્મેટ વગર બાઈક ચલાવવા બદલ રૂપિયા 1,12,500 નો દંડ ફટકારવામાં આવ્યો છે. આમ આ હેલ્મેટ ડ્રાઈવ ત્રણ દિવસ ચાલશે. ઉલેખનીય છે કે, હેલ્મેટ ડ્રાઈવ ના કારણે બાઈક ચાલક ધીરે ધીરે હેલ્મેટ પહેરતા થયા છે. જેથી કોઈ અકસ્માત થઈ તો હેલ્મેટના કારણે ગંભીર પ્રકારની ઈજા થવાથી બચી શકાશે.

**DATE: 06/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી ફરાર બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

કોસમડી થી ગાર્ડનસીટી તરફ જતા માર્ગ પર ઉમંગ રેસિડન્સી નજીકથી જીઆઈડીસી પોલીસે દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે મહારાષ્ટ્ર જલગાવ ના ભાઉ સાહેબ ઉત્તમ ચૌધરી, કોસમડી ના મયુર મોરે ની સ્થળ પર થી ધરપકડ કરી હતી. પોલીસે દારૂ આપનાર પ્રજ્વલ ઉર્ફે વિકી ભોંસલે અને દારૂ મગાવનાર પૂનમ વસાવા અને વિજય કોળીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા. છેલ્લા 2 મહિના થી પોલીસ ચોપડે વોન્ટેડ એવા કોસમડીના વિજય આભા કોળી ને અંતે પોલીસે ઝડપી પાડ્યો હતો.

**DATE: 06/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### બે જુગારી નાસી જતાં વૉન્ટેડ

# ભરૂચમાં આંકડાનો જુગાર રમાડનારા ત્રણ ઝડપાયા

। ભરૂચ ।

ભરૂચ શહેરના બરકતવાડી વિસ્તારમાં ઈકરા સ્કુલની બાજુમાં આવેલી ગલીમાં લિસ્ટેડ બુટલેગર સાબીર શબ્બીર મલેક (રહે.ફિરદોશ એપાર્ટમેન્ટ, કોટ પારસીવાડ) તેના માણસો રાખીને આંકડાનો જુગાર રમાડે છે તેવી ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. જેના પગલે પોલીસની ટીમે સ્થળ પર દરોડા પાડતા સાબીર શબ્બીર મલેક સહિત હિતેશ પ્રકાશ પરમાર, રહે. કતોપોર બજાર તેમજ પ્રવિણ હિરા વસાવા,રહે. મોટો ભીલવાડો, પાલેજને ઝડપી પાડયા હતા. જયારે એક નાસી છુટયો હતો જે બાબતે પુછતા ભાગી ગયેલાનું નામ મોહંમદ કેફ ઉર્ફે ચપાટી હુસેન પઠાણ રહે.અબદલવાડ, ભરૂચ હોવાનું તેમણે જણાવ્યુ હતુ. ટીમે તેમની પાસેથી રોકડા ૧૧ હજાર તેમજ બે મોબાઈલ તથા જુગારના સાધનો મળી કુલ ૧૭ હજારથી વધુનો સામાન જપ્ત કર્યો હતો. તેમની ઉલટ પુછપરછ કરતા તેમણે કબલ્યુ હતુ કે, તેઓ ભરૂચના ધુસવાડમાં આવેલી ડુંગાજી સ્કુલ પાસે રહેતા સોએબ શેખને સટ્ટા બેટીંગના રૂપિયા આપતા હતા. જેથી ટીમે તેને પણ વોન્ટેડ જાહેર કરી તમામ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પોલીસે રૂા.૧૭ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

**DATE: 06/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

પર્યાવરણના જતનનો પોલીસનો પ્રયાસ : વધુ છાંયડો આપે તેવા વૃક્ષોની પસંદગી કરાઇ

# ભરૂચ એ ડિવિઝનમાં 150 વૃક્ષોનું વાવેતર કરાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

સમગ્ર વિશ્વમાં પર્યાવરણના સંરક્ષણ અને જાગૃતિ માટે દરવર્ષે ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભરૂચ શહેરમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. શહેરના એ ડિવિઝન પોલીસ મથક ખાતે જિલ્લા પોલીસ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચ શહેરના ડીવાયએસપી ડો. અનિલ સિસારાના માર્ગદર્શન હેઠળ અને એ ડિવિઝનના પોલીસ ઇન્સ્પેક્ટર આર.એમ. વસાવાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પીએસઆઈ સહિતના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ અવસરે પોલીસ મથકના પ્રાંગણમાં અંદાજિત 150 જેટલા વિવિધ જાતિના વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષોમાં ફળદ્રુપ, ઔષધિય તેમજ છાયાદાર વૃક્ષોનો સમાવેશ થતો હતો. વનસંપત્તિનું રક્ષણ કરવું અને હરિત આવરણ વધારવા પોલીસ તંત્ર પણ પ્રતિબદ્ધ છે તેવો સંદેશ આપતો આ કાર્યક્રમ માત્ર ઊપચારિકતા પૂરતો નહીં રહ્યો પરંતુ તેમાં તમામ કર્મચારીઓની સભાગીતા પ્રેરણાદાયક રહી હતી.કાર્યક્રમના અંતે તમામ પોલીસ કર્મીઓએ પોતાની જવાબદારી નિભાવતા રોપેલા દરેક વૃક્ષની નિયમિત સંભાળ રાખવાનો સંકલ્પ કર્યો હતો. માવજત, પાણી આપવું તથા વૃક્ષોનો વિકાસ સુનિશ્ચિત કરવા માટે સંઘટિત પ્રયાસ કરવાની પ્રતિજ્ઞા સાથે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની નિષ્ઠા દર્શાવી હતી.



શહેરના એ ડિવિઝન પોલીસ મથક ખાતે જિલ્લા પોલીસ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું

**DATE: 06/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### એક સટોડિયાને વૉન્ટેડ જાહેર કરાયો

# પાલેજમાં IPL ક્રિકેટ પર સટ્ટો રમતા ૧ ઈસમની ધરપકડ

પાલેજ : ભરૂચના પાલેજ ટાઉનના મુખ્ય બજારમાં આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં રનફેર લાઈવ સ્કોર ઉપર રૂપિયાની હારજીતનો ક્રિકેટ સટ્ટો રમતા એક ઈસમને રોકડા રૂપિયા મોબાઈલ મળી કુલ કિંમત રૂા.૧૭,૬૦૦ ના મુદ્દામાલ સાથે ભરૂચ એલસીબી પોલીસે ઝડપી પાડયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગઈ તા.૩-૬-૨૫ ના રોજ પંજાબ કીંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે ફાઈનલ મેચ હોય એલસીબી ટીમ ભરૂચ ડીવીઝન વિસ્તારમાં વોચમાં હતી તે દરમ્યાન મળેલી બાતમી હકિકત આધારે પાલેજના મુખ્ય બજારમાં મોબાઈલમાં વાતચીત કરી આઈપીએલ ફાઈનલ મેચ ઉપર રનફેર લાઈવ સ્કોર ઉપર રમાતો ક્રિકેટ સટ્ટા અંગેની જુગારની સફળ રેઈડ કરી આરીફ આદમ પટેલ રહે.પાલેજની ઝડપી પાડયો હતો. જયારે અલ્તાફ રહે.પાલેજનાને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે રોકડા રૂપીયા, મોબાઈલ મળી કુલ કિંમત રૂા.૧૭,૬૦૦ મુદ્દામાલ કબ્જે કરી બંને વિરૂધ્ધ જુગારધારાની સંલગ્ન કલમો મુજબ કાયદેસર કાર્યવાહી કરી પાલેજ પોલીસ મથકમાં ગુનો રજીસ્ટર કરાવ્યો હતો.

ગુજરા

**DATE: 06/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### દાહોદના શ્રમજીવી પરિવારની બાળકી વાસનાખોરોનો શિકાર થતા બચી ગઇ

# ઝઘડિયા જીઆઇડીસીમાં મધરાત્રે એકલી બાળકીને ભટકતી જોઇ પોલીસ ચોંકી ઉઠી

ઝઘડિયા,તા.૫

અમદાવાદથી ભરૂચ આવવા નીકળેલી શ્રમજીવી પરિવારના ૧૪ વર્ષની બાળકી ભુલી પડીને ઝઘડિયા જીઆઇડીસીમાં આવી ચઢી હતી. જો કે ઝઘડિયા પોલીસની સક્રિયતાના પગલે બાળકી વાસનાખોરોનો શિકાર થતા બચી ગઇ હતી અને પોલીસે બાળકીનું તેના માતા પિતા સાથે મિલન કરાવતા ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતા.

## અમદાવાદ ખાતે કાકાના ઘરેથી દહેજ આવવા નીકળેલી બાળકી ભૂલી પડતા દહેજ પહોંચી ગઇ, પોલીસે માતા પિતા સાથે મિલન કરાવ્યું

ઝઘડિયા પોલીસ તા. ૨ જીના રોજ રાત્રી પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન જીઆઇડીસીમાં એક કંપની નજીક રાતના દશેક વાગ્યાના અરસામાં એક બાળકી એકલી રસ્તા પર ચાલતી જતી જોવા મળી હતી.પોલીસે તે બાળકીને ઉભી રાખી તેનુ નામઠામ પુછતા તેને પોતાનું નામ જણાવ્યુ હતું. આશરે ૧૪ વર્ષની ઉંમરની આ બાળકી સાથે બીજું કોણ છે અને તે ક્યાંથી આવેલ છે તે બાબતે પુછતા બાળકી કોઇ જવાબ આપી શકી નહતી. આ બાળકીને પોલીસ સ્ટેશન ખાતે લઇ આવીને તેના પરિવારની શોધ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળેલ કે આ બાળકી દાહોદ જિલ્લાના ભ્રમખેડા ગામની હતી. દહેજ ખાતે કામ કરતા બાળકીના માતાપિતાનો સંપર્ક કરી આ બાળકી બાબતે જાણ કરતા તેઓ પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા.

બાળકીના માતાપિતા પાસેથી જાણવા મળેલ કે તેમની દિકરી અમદાવાદ ખાતે રહેતા તેમના પિતરાઇ કાકાના ઘરે છેલ્લા પંદરેક દિવસથી રહેવા માટે ગઇ હતી, ત્યારબાદ તે અમદાવાથી કોઇને કહ્યા વગર ભરૂચ દહેજ ખાતે મજુરી કામ કરતા તેના માતાપિતા પાસે આવવા નીકળી હતી, પંરતુ રસ્તો ભુલી જતા ઝઘડિયા જીઆઇડીસીમાં આવી ગઇ હતી.ત્યારબાદ પોલીસે બાળકીને તેના પરિવારને સોંપી હતી.ઝઘડિયા જીઆઇડીસી પોલીસે પોલીસ પ્રજાનો મિત્ર એ ઉક્તિ સાચા અર્થમાં સાર્થક કરી ગુમ થયેલ બાળકીનું માતાપિતા સાથે સુખદ મિલન કરાવતા બાળકીના માતાપિતા ભાવવિભોર બની ગયા હતા અને ઝઘડિયા જીઆઇડીસી પોલીસનો આભાર માન્યો હતો.

**DATE: 06/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ટ્રાફિકજામની સમસ્યાને પગલે પોલીસની ઝુંબેશ

# જંબુસર-કાવીરોડ ઉપર ગેરકાયદે પાર્ક થતાં વાહનો સામે કાર્યવાહી

## ૧૦ વાહનચાલકો પાસેથી સ્થળ પર દંડ વસૂલાયો

। જંબુસર ।

જંબુસર - કાવી રીંગરોડ ઉપર જંબુસર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. ભુતિયા તથા સ્ટાફે ગેરકાયદેસર રીતે પાર્ક કરેલ વાહનો વિરૂદ્ધ કડકાઈ પુર્વક કામગીરી હાથ ધરી વાહન માલિક વિરુદ્ધ જાહેરનામાં ભંગનો ૧ કેસ, ઈ.મેમો ૧૪ તથા ૧૦ વાહન ચાલક પાસેથી સ્થળ પર દંડ વસુલ કરવામા આવ્યો હતો.



જંબુસર ખાતે પોલીસ દ્વારા ટ્રાફિક ઝુંબેશ હાથ ધરાઈ હતી.

જંબુસર કાવી રીંગરોડ ઉપર જંબુસર એસ.ટી.ડેપો સર્કલ થી ટંકારી ભાગોળ સર્કલ સુધી નવીન માર્ગ બનાવવાની કામગીરી ચાલી રહી હોય તે સંદર્ભે વહીવટીતંત્ર તરફથી જાહેરનામુ બહાર પાડી આ માર્ગ ઉપર કેટલાક નિયંત્રણ જાહેર કર્યા હતા. તેમ છતાંય આ માર્ગ ઉપર કેટલાક વાહન ચાલકો તથા માલિકો પોતાના વાહન ગેરકાયદેસર રીતે આડેધડ પાર્ક કરી દેતા હોય ટ્રાફિક જામ ની સમસ્યા સર્જાતી હતી. પ્રજાજનોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય જંબુસર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે.ભુતિયા તથા સ્ટાફે જંબુસર કાવી રીંગરોડ ઉપર ગેરકાયદેસર પાર્ક કરતા વાહન ચાલક, માલિક વિરુદ્ધ કડકાઈ પુર્વક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે જાહેર નામા ભંગનો ૧ કેસ, ઈ.મેમો ૧૪, સહિત ૧૦ વાહનચાલકો પાસેથી સ્થળ દંડ વસુલ કર્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટરે પ્રજાજનોને અપીલ કરી રીંગરોડ ઉપર ગેરકાયદેસર પાર્ક કરાતા વાહન વિરુદ્ધ કાર્યવાહી યથાવત રહેશે અને જો કોઈ વાહન રીંગરોડ ઉપર ગેરકાયદેસર રીતે પાર્ક કરેલા જણાશે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે તેમ જણાવ્યુ હતુ.

તેમજ આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ ટ્રાફિકના પ્રશ્ન સંદર્ભે પોલીસ દ્વારા કાર્યવાહી કરી સમસ્યાના ઉકેલની કવાયત હાથ ધરાશે.

**DATE: 07/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### અંકલેશ્વરના જીતાલી ગામની આલીશાન સિટી સોસા.માં

# બે મકાનમાંથી ગાંજાના જથ્થા સાથે બે મહિલાની SOG એ ધરપકડ કરી

## રોકડા અને દાગીના સહિત કુલ રૂા.૫૪.૩૫ લાખનો મુદામાલ જપ્ત

**અંકલેશ્વર**

અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામની આલીશાન સીટી સોસાયટીમાં બે મકાનમાંથી ભરૂચ એસઓજી પોલીસે રૂા.૨૨ હજાર ઉપરાંતની કિંમતના ગાંજાના જથ્થા સાથે બે મહિલાની ધરપકડ કરી હતી, તેમજ બે ઈસમોને વોન્ટેડ જાહેર કરી ગાંજાનો જથ્થો, રોકડા રૂા.૨૬.૧૭ લાખ તેમજ રૂા.૨૭.૭૪ લાખના સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૫૪.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ એસઓજી પોલીસની ટીમ ને પેટ્રોલિંગ દરમ્યાન અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામની આલીશાન સીટી સોસાયટીમાં ગાંજાના જથ્થા અંગેની મળેલી માહિતીના આધારે પોલીસે સુમનબેન સુભાષ યાદવ અને સંજુદેવી કુંદન રાયના મકાનમાં રેડ પાડી તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન ઘરમાં તલાશી લેતાં ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂા.૨૨,૨૦૦નો ગાંજાનો જથ્થો તેમજ તેની સાથે મૂકેલા રોકડા રૂા.૨૬.૧૭ લાખ, તેમજ કુલ પાડયો હતો.એસઓજી પોલીસે બંન્ને મહિલા ની ધરપકડ કરી રૂપિયા ૨૨ હજાર ૨૦૦ ની કિંમત નો ગાંજાનો જથ્થો તેમજ રૂા.૨૭.૭૪ લાખના સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૫૪.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બંને મહિલાઓની ધરપકડ કરી સુમનબેન યાદવના પતિ સુભાષ યાદવ અને સંજીદેવીના પતિ કુંદન રાયને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુદ્ધ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી બંનેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 07/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### માંગરોળની શુભમ ફર્ટિલાઇઝર્સમાં રો- મટિરિયલ તરીકે વપરાતું હતું

# નાંદોસલ કંપનીમાંથી મોકલાતું 39 હજાર કિલો હેઝાડર્સ વેસ્ટ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

**કંપની સામે કાર્યવાહી ચાલુ છે** પોલીસ દ્વારા જેતેવખતે જાણ કરતા જરૂરી સેમ્પલ લેવામાં આવ્યા હતા જે સેમ્પલ ઉપરાંત કંપનીમાંથી નીકળતા હેઝાર્ડ વેસ્ટના નિકાલ માટે ની જરૂરી મંજૂરીલીધા ન હતી.કંપની સામે આગામી દિવસો માં જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. » વિજયકુમાર રાખોલીયા, પ્રાદેશિક અધિકારી જીપીસીબી

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી નાંદોસલ કંપનીમાંથી 39 હજાર કિલો હેઝાડર્સ વેસ્ટ ભરીને માંગરોળના બોરાસરાની શુભમ કંપનીમાં ખાલી કરવા માટે જતી ટ્રકને ઝડપી પાડવામાં આવી છે. 22મીએ બી ડિવિઝન પોલીસે આમલાખાડી બ્રિજ પાસેથી ટ્રકને ઝડપી પાડી હતી અને તેમાંથી વેસ્ટના નમૂના લઈને તપાસ માટે મોકલવામાં આવ્યાં હતાં જેમાં આ વેસ્ટ જોખમી હોવાનો રીપોર્ટ આવતાં 6 આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ટ્રકમાં રહેલો કેમિકલ વેસ્ટ મેગ્નેશિયમ સલ્ફેટ લો ગ્રેડ-5 હોવાનું બહાર આવ્યું છે.

અંકલેશ્વરની નાંદોસલ ઈન્ડસ્ટ્રીઝમાંથી માટી જેવા કાળા રંગનો હેઝાર્ડસ વેસ્ટ ભરી જતી એક ટ્રકને પોલીસે 22મી તારીખે આમલાખાડી બ્રિજ પાસેથી ઝડપી પાડી હતી. ટ્રકના ડ્રાઈવર સુનિલ વસાવાની અટકાયત કરી તેની પૂછપરછ કરવામાં આવતાં તે હેઝાડર્સ વેસ્ટ બોરાસરાની શુભમ ફર્ટિલાઈઝર્સ કંપનીમાં આપવા માટે જતો હોવાની કબૂલાત કરી હતી. તેની પાસે રહેલાં ઈનવોઈસમાં મેગ્નેશિયમ સલ્ફેટ લો ગ્રેડ 5 નામનું કેમિકલ હોવાની વિગતો જણાવવામાં આવી હતી. પોલીસની સૂચના બાદ જીપીસીબીની ટીમે હેઝાડર્સ વેસ્ટના નમૂના લીધાં હતાં અને લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલ્યાં હતાં. જેના રીપોર્ટમાં નાંદોસલકંપની તરફથી

હેઝાર્ડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ 2016 અંતર્ગત જરૂરી મંજૂરી મેળવી નિકાલ કરવામાં આવી રહયો હોવાની વિગતો બહાર આવી હતી. રીપોર્ટ બાદ પોલીસે માનવ આરોગ્ય ને હાનિકારક સાથે પર્યાવરણ નેનુકસાન કારક હેઝાર્ડ વેસ્ટ મટીરીયલ મંજૂરી વગર પરિવહન કરવા બદલ ગુનો નોંધ્યો હતો. ટ્રકમાંથી 39,720 કિલો હેઝાર્ડસ વેસ્ટનો જથ્થો જપ્ત કર્યો છે. ટ્રક સહિત કુલ 7 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.આ વેસ્ટ નાંદોસલના મેનેજર સોહેલ નાંદોલિયાએ યાસીન ઉસ્માન દિવાન મારફતે ટ્રકમાં ભરાવી શુભમ કંપનીમાં આપવા માટે મોકલ્યો હતો. ટ્રકના માલિક ભરત ભરવાડ, યાસીન ઉસ્માન, કંપનીના મેનેજર સોહેલ નાંદોલિયા, કંપનીના માલિક ઈશાક સુલેમાન નાંદોલીયા અને શુભમ ફર્ટિલાઈઝર કંપનીના વહીવટકર્તા સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

**DATE: 08/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઓટો પાર્ટ્સની દુકાનમાં ચોરી કરનાર નિકોરાથી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ ઝાડેશ્વર રોડ પર આવેલી હર્નિશ ઓટો મોબાઈલની દુકાનમાં થી બેટરીઓ તેમજ સ્પેરપાર્ટ ચોરી કરનાર બે ઈસમોને ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમુન ઈન્ટેલીજન્સ ના આધારે આરોપીને નિકોરા ગામેથી થી એ ડિવિઝન પોલીસે આરોપીને ઝડપી પાડ્યા હતા. તેમજ ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ પોલીસ વિભાગે ઈસમોને પકડીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 08/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 28 હજારનો મુદ્દામલ જપ્ત, 4 ફરાર

# ભરૂચના લીમડી ચોક પાસે જુગાર રમતાં 6 ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમ બકરી ઈદ નિમિત્તે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે, લીમડીચોક પાસે ગધેરાખેતરમાં બાવળની ઝાડીઓમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી બેઠા છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, 4 જુગારિયાઓ ચકમો આપી ફરાર થયા હતાં. જ્યારે રોહિત દિનેશ વસાવા, પુર્વેશ ખોડા વસાવા, ધવલ દિનેશ પટેલ, અજય સાવન વસાવા, સુનિલ રમેશ દેવીપુજક તેમજ સાજન રમેશ દંતાણી નામના 6 જુગારિયા ઝડપાયાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા રૂપિયા તેમજ બે મોબાઈલ મળી કુલ 28 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ફરાર થઈ ગયેલાં જુગારિયાઓમાં અરૂણ અશોક દંતાણી, આર્યન કાલુ દંતાણી, નવીન ભરત વસાવા તેમજ તુષાર કનુ વસાવા હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તમામ વિરૂદ્ધ ભરૂચ બી ડીવિઝન પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને શોધવા માટેના ચક્રો ગતિમાન કર્યાં છે.